# ભ્રષ્ટાચારની ઉધઈ આપણા વિકાસના લાકડાને કોતરી રહી છે

**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

'વિકાસ'ના ચીંથરા ઉડાડતો વિડીયો હમણાં મધ્યપ્રદેશના સતના જિલ્લાના રૈગાંવથી વાયરલ થયો. રાજ્યમંત્રી પ્રતિમા બાગરી જ્યારે નવા બનેલા રોડનું નિરીક્ષણ કરવા ગાડીમાંથી ઉતર્યા અને રસ્તાની ગુણવત્તા તપાસવા નવા બનેલા રોડ પર હળવો પગ માર્યો, ત્યાં તો ડામર અને કપચી જાણે રેતીના મહેલની જેમ વિખરાઈ ગયા! 60 લાખના ખર્ચે બનેલો ત્રણ કિમીનો રસ્તો મંત્રીના એક 'પગની ઠોકરે' ઉખડી ગયો. જનતાએ મંત્રીની આ ત્વરા જોઈ વાહવાહી કરી પણ જો મંત્રીએ પગ ન માર્યો હોત તો આ રસ્તાનો ભ્રષ્ટાચારના ડામર નીચે દબાઈ ગયો હોત. થોડા દિવસ રસ્તો હેમખેમ રહેત ને પછી એમાં ગાબડા. ખરાબ રોડ અંગે પ્રજા ગમે એટલી બૂમો પાડત પણ મંત્રીએ મારેલી ઠોકરથી ઉખડી ગયેલા ડામરવાળા રસ્તાનો વિડીયો જે રીતે વાયરલ થયો, એની નોંધ વહીવટીતંત્રથી લઈને લાગતા વળગતા તમામને લેવી પડી, જવાબદાર અધિકારી ગણને હાજર થવું પડ્યું; એવું પ્રજા દ્વારા રસ્તાની ચકાસણીનો વિડીયો વાયરલ થયા પછી થાત? પાછું એક પ્રશ્ન પ્રતિમા બાગરીની જેમ દેશનો દરેક પ્રજા પ્રતિનિધિ પોતાના વિસ્તારમાં થતા જાહેરકામો આટલી નિષ્ઠાથી તપાસે છે?

આપણા દેશમાં ભ્રષ્ટાચાર હવે માત્ર 'લેવડ-દેવડ' નથી રહ્યો, એ ઉધઈ બનીને આખા દેશના પાયાને જાણે કોરી રહ્યો છે.

અયોધ્યામાં ભગવાન રામની સ્થાપના થઈ ત્યારે આખો દેશ હિલોળે ચડ્યો હતો. વર્ષોની પ્રતિક્ષાનો અંત આવ્યો. રામની સ્થાપના થાય ને દેશમાં રામરાજ્ય સ્થપાય એવી આશા સૌ દેશવાસીઓના મનમાં જન્મી. શાળામાં ભણતા ત્યારથી મહાનુભાવોના વક્તવ્યમાં એક વખતે આપણા દેશમાં રામરાજ્ય હતું એવું અવારનવાર સાંભળતા આવ્યા છીએ. આ 'રામરાજ્ય' એટલે એવું શાસન જ્યાં છેવાડાના માનવીને ન્યાય મળે, જ્યાં સુખ-શાંતિ હોય અને સૌથી મહત્વનું - જ્યાં શાસન અને પ્રજા બંને 'મર્યાદા'માં રહીને ધર્મનું પાલન કરે. અણહકનું કે કોઈનું પડાવી લેવાની ભાવના ન હોય. ભ્રષ્ટાચાર કરનાર દરેક વ્યક્તિએ આવા ભાષણ સાંભળ્યા જ હશે, કેટલાકે તો આવા ભાષણ કર્યા પણ હશે છતાં આચરણમાં આ દેખાતુ નથી. 'ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ'ના 2023-24ના અહેવાલ મુજબ, ભ્રષ્ટાચારના સૂચકાંકમાં ભારત 180 દેશોમાં 93માં ક્રમે છે. એશિયામાં લાંચ આપવાના દરમાં ભારત સૌથી ઉપર છે. 'ફોર્બ્સ'ના એક જૂના રિપોર્ટ મુજબ ભારતમાં દર 4 માંથી 3 નાગરિકે સરકારી કામ માટે ક્યારેક ને ક્યારેક લાંચ આપવી પડી છે.

ચિંતાની વાત એ છે કે હવે ભ્રષ્ટાચાર માત્ર ટોચના સ્તરે નથી રહ્યો. તાજેતરમાં સુરેન્દ્રનગર જિલ્લામાં EDના દરોડામાં કરોડોનો ભ્રષ્ટાચાર થયાનું સામે આવ્યું. એક બાજુ હજારો લોકો નર્કાગાર જેવું જીવન જીવી રહ્યા છે. તેમના સુધી પ્રાથમિક સવલતો પહોંચાડવા કરેલી વારંવારની અરજીઓ ઉપર કોઈ કાર્યવાહી થતી નથી. ઘણી વખત તો નિયમ પ્રમાણેની લાયકાત ધરાવતા નથી એટલે તમને ઘર બાંધવા પ્લોટ કે મકાન સહાય આપી નહીં શકાય, ક્યાંક તો અંત્યોદય રેશનકાર્ડ કે વૃદ્ધ પેન્શન પણ તમે BPL યાદીમાં નથી એટલે આપી નહીં શકાય. આવા કારણો સામે ધરનાર અધિકારીને જ્યારે એ જ કામ માટે લાંચ આપવાની વાત આવે ત્યારે નિયમો ગાયબ થઈ જાય!

જ્યારે એક રસ્તા કે પુલ નિર્માણમાં 30-40% રકમ ભ્રષ્ટાચારમાં જતી રહે ત્યારે તેની સીધી અસર તેની ગુણવત્તા પર પડે. નબળા રસ્તાઓ અને નવો બાંધેલો કે બંધાતો પુલ તૂટ્યો ને પૂલ નીચે દટાઈને નિર્દોષ માણસો મર્યાના સમાચાર આપણે અવાર નવાર સાંભળીયે છીએ. ગંભીરા પુલની હોનારત હોય કે, મોરબી સસ્પેન્શન બ્રીજની કે પાલનપુરમાં રેલવે ઉપર બનતા ઓવરબ્રીજની હોનારત. આ બધુ જ ક્યાંક નબળી ગુણવત્તાનું પરિણામ હોવાનું દેખાય. તાજેતરમાં અમેરિકા જવાનું થયું ને એ વખતે ત્યાંનો 1883માં બનેલો બ્રુકલિન બ્રિજ જોયો. હું તો બ્રીજ નિર્માણનું વર્ષ સાંભળીને જ હતપ્રત થઈ ગઈ. થોડા વર્ષોમાં આ બ્રીજ પોતાના અસ્તિત્વના દોઢસો વર્ષ પૂર્ણ કરશે. આપણે ત્યાં આટલું લાંબુ બાંધકામ ટકે એની કલ્પના કરવી પણ આપણને મુશ્કેલ લાગે. ત્યાં વખતો વખત દરેક બ્રીજની યોગ્ય ચકાસણી, એનું સમારકામ થાય. આપણે ત્યાં આની સૌથી મોટી ખામી. અમદાવાદમાં આવેલો બાવન વર્ષ જુનો સુભાષબ્રીજ વધારે સમય ટકી શકે એમ નહોતો એટલે એને તોડવાનો સરકારે નિર્ણય કર્યો. કોઈ હોનારત સર્જાય એ પહેલા આ બ્રીજને બંધ કરવાનું સરકારે કર્યું. પગલું સરાહનીય, પણ એક સદી પસાર કરે તેવા મજબૂત પુલ બંધાય એમ ન થઈ શકે? કોઈ પણ બાંધકામ અણધાર્યું તૂટે તો જાનહાની તો થાય પણ સાથે સાથે પર્યાવરણનું પણ કેટલું નુકશાન. આપણે પર્યાવરણમાંથી લીધેલું મટીરિયલનો કેટલા મોટા પ્રમાણમાં વ્યય કરીએ!

બાંધકામ માટે અપાતા ટેન્ડરમાં કડક જોગવાઈ થવી જોઈએ. જે કંપનીને પુલ કે રોડના બાંધકામનું ટેન્ડર અપાયું હોય ને બાંધકામમાં જણાવેલા વર્ષો પહેલા જ એ પુલ કે રસ્તો તુટે તો એવી કંપનીઓને બ્લેક લીસ્ટ કરવી જોઈએ. આ કરવાથી કામમાં ગુણવત્તા વધશે. નહીં તો એક વર્ષમાં રોડ બન્યા પછી ઉખડી જાય કે બનેલો પુલ પાંચ વર્ષમાં તુટી જાય તો એના રિપેરિંગ કે નવો બનાવવા માટે ફરી ટેન્ડર અને ફરી ભ્રષ્ટાચાર. આ ચક્રવ્યૂહમાં પ્રજાના ટેક્સના પૈસા સ્વાહા થઈ જાય.

**જે કંપનીને પુલ કે રોડના બાંધકામનું ટેન્ડર અપાયું હોય ને બાંધકામમાં જણાવેલા વર્ષો પહેલા જ એ પુલ કે રસ્તો તુટે તો એવી કંપનીઓને બ્લેક લીસ્ટ કરવી જોઈએ**

માત્ર મંત્રીઓ રસ્તા પર ઉતરીને રસ્તા પર પગ ઘસે તેનાથી કંઈ નહીં થાય. જરૂર છે, ડિજિટલ ટ્રાન્સપરન્સીની. દરેક ટેન્ડર અને બિલિંગની પ્રક્રિયા એવી હોવી જોઈએ જ્યાં માનવીય હસ્તક્ષેપ લઘુત્તમ હોય. આ સિવાય ભ્રષ્ટાચારી અધિકારીઓની મિલકત જપ્ત કરીને તેમને જેલ ભેગા કરવાની પ્રક્રિયા ઝડપી હોવી જોઈએ. 'ભય બીન પ્રિત નહીં' કડક દંડની જોગવાઈ હોવી જ જોઈએ. સાથે નાગરિક જાગૃતિ પણ અગત્યની. વ્યક્તિગત કામોમાં આપણે ધક્કાથી કંટાળીને લાંચ આપીયે એક રીતે આપણે સૌ આ વ્યવસ્થાને પોષતા હોઈયે એવું લાગે. જ્યાં સુધી જનતા પોતે 'કામ મોડું થશે તો ચાલશે પણ લાંચ નહીં આપું' એવો સંકલ્પ નહીં કરે, ત્યાં સુધી આ ઉધઈ અટકશે નહીં. ભ્રષ્ટાચાર એ માત્ર પૈસાની લેવડદેવડ નથી, એ દેશદ્રોહ છે. જે અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરો પ્રજાના પરસેવાના પૈસા ખાઈ જાય



છે, પેલા શ્રમિકોના અને ઈમાનદાર કરદાતાઓના ગુનેગાર છે. જે દિવસે રસ્તો બનાવનારને 'કોઈ મંત્રી પગની ઠોકર મારશે'ની બીકની જગ્યાએ 'પોતાના અંતરાત્માના અવાજ'ની બીક લાગશે તે દિવસે ભારત ખરા અર્થમાં ભ્રષ્ટાચાર મુક્ત 'રામરાજ્ય' બનશે. ત્યાં સુધી આ ભ્રષ્ટાચારની ઉધઈ આપણા વિકાસના લાકડાને કોતરતી રહેશે.●

# આજ સુધી પાકિસ્તાન સામે બલોચીઓ લડતા રહ્યા છે

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

તાજેતરમાં 'ધૂરંધર'ફિલ્મ ચર્ચામાં છે. રહેમાન ડકૈતના જીવન પર આધારીત આ ફિલ્મમાં અસલમ ચૌધરીનું પાત્ર ભજવનાર અદાકાર કહે છે, 'મગરમચ્છનો ભરોસો થાય, પણ બલોચનો નહીં' આ સંવાદ સામે જૂનાગઢનો બલોચ સમાજ નારાજ છે. 'ધૂરંધર'ફિલ્મમાં બલોચ પછાત છે, તેઓ નકલી ચલણી નોટ બનાવે છે, આતંકવાદીઓને હથિયારો પૂરાં પાડે છે. તેવું ચિત્રણ થયું છે. 'ધુરંધર'ના સંવાદોથી બલોચ-મકરાણી સમાજમાં રોષ છે. બલોચ સમાજ કહે છે, બલોચ-મકરાણી સમાજનો ઈતિહાસ જોવામાં આવે તો આજ સુધી બલોચ સમાજે કોઈનો ભરોસો તોડ્યો હોય કે વિવાદમાં આવ્યો હોય તેવું ક્યારેય બન્યું નથી. તેઓ માને છે કે ફિલ્મમાં તેમની કોમનું ખોટું ચિત્રણ થયું છે. આવો વિરોધ 1973માં બનેલી 'કાદૂ મકરાણી'ફિલ્મ વખતે પણ થયો હતો. 'કાદૂ મકરાણી'ફિલ્મની પટકથામાં કાલ્પનિક દશ્યો ઉમેરાયા હોવાનું જણાવીને વિરોધ કર્યો હતો કે બલોચ દગાખોર નથી હોતો. બલોચીઓ કદી પાકિસ્તાનના તરફદાર રહ્યા નથી. આજ સુધી પાકિસ્તાન સામે બલોચીઓ લડતા રહ્યા છે. કાદૂ મકરાણી ઉર્ફે કાદરબક્ષનો પરિવાર મકરાણનો વતની હોવાથી તેઓ 'કાદુ મકરાણી' તરીકે જાણીતા બન્યા હતા.

બલોચ મૂળે પાકિસ્તાનના જિલ્લા બલુચિસ્તાનના મકરાણ વિસ્તારના છે. ગુજરાતના 32 જિલ્લાઓમાં બલોચ સમુદાયના લોકો રહે છે, તેમની સૌથી વધારે વસ્તી જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા વગેરે જિલ્લાઓમાં છે. ગુજરાતમાં આ સમાજની વસ્તી 10 લાખ જેટલી હોવાનો અંદાજ છે. મકરાણીઓ અને બલોચ ઝનૂની સ્વભાવના અને લડાયક પ્રકૃતિના હતા. તેથી ખીલજી, મુઘલો, મરાઠાઓ, બ્રિટિશરો અને સૌરાષ્ટ્ર-ગુજરાતનાં દેશી રજવાડાંઓએ તેમને લશ્કર અને પોલીસમાં રાખ્યા હતા. તેઓએ મોટાભાગે ચોકીદારી કરવાનું,



રખેવાળી કરવાનું અને લશ્કરમાં અને પોલીસતંત્રમાં જોડાવાનું પસંદ કર્યું છે. મકરાણીઓ અને ગુજરાતનું જોડાણ કેવી રીતે થયું તે જાણવા જેવું છે.

ઝવેરચંદ મેઘાણીનાં 'સોરઠી બહારવટિયા ભાગ-3' પુસ્તકમાં પાના નંબર 51માં લખ્યું છે કે 'આશરે સન 1840-50ની આસપાસ માંગરોળના શેખના લશ્કરમાં રહેલા આરબોએ બંડ પોકાર્યું હતું. માંગરોળને લૂંટીને તેઓ નાસી છૂટ્યા. જૂનાગઢના નવાબની ચાકરીમાં રહેલા બે મકરાણીઓએ આ આરબોને પકડવાનું બીડું ઝડપ્યું. મકરાણીઓએ પેટલાદમાં આરબોનું પગેરું દબાવ્યું. આરબોએ લૂંટના સામાનમાં મકરાણીઓને અડધો ભાગ આપવાની લાલચ આપી. પરંતુ મકરાણીઓએ આરબોની આ લાલચ ન સ્વીકારી તેથી પેટલાદની બજારમાં ધીંગાણું થયું. તેમાં મકરાણીઓ પણ મરાયા, પરંતુ આરબોને લૂંટના માલ સહિત પકડવામાં મકરાણી સફળ રહ્યા. તેમની બહાદુરી જાણીને નવાબે મકરાણીઓને હાલના ગીર સોમનાથ જિલ્લાનું ઈણાજ ગામ ગરાસમાં આપ્યું. ઈણાજ ગામ મળતા મકરાણી જમાદારોએ મકરાણમાંથી તેમના સગાં-સંબંધીઓને ઈણાજ બોલાવી લીધા. તેમાં જમાદાર અલીમહમદ અને વલીમહમદનો પણ સમાવેશ થતો હતો. તેઓ મકરાણમાં રાજ કરનાર રિંદ કબીલાના સભ્યો હતા. 1881ના વર્ષમાં વસ્તીગણતરી આવી અને જમાદાર અલીમહમદ અને વલીમહમદને શંકા પેઠી કે આ 'ફિરંગી' સરકારનું કોઈ છળ-કપટ છે. તેથી, તેમણે વસ્તીગણતરીનો વિરોધ કર્યો. પરંતુ સમજુ માણસોની સમજાવટથી છેવટે વસ્તીગણતરીનું કામ પૂરું થયું. પુસ્તકમાં લખ્યું છે કે ઈણાજમાં અંદરોઅંદરના ઝઘડા બાદ તેની તપાસ કરવા આવેલી પોલીસને અને મૅજિસ્ટ્રેટને મકરાણીઓએ ગામમાં પ્રવેશવા ન દીધા. વાત વણસી, તેથી મકરાણીઓને ઈણાજ ખાલી કરવાનું ફરમાન કરવામાં આવ્યું. પરંતુ મકરાણીઓએ તે ન માનતા નવાબે ઈણાજમાં ફોજ મોકલવાનો હુકમ કર્યો. તેથી, જમાદાર અલીમહમદ કાદરબક્ષ સહિત અન્ય મકરાણીઓ ફોજ સામે લડવા ઈણાજ પહોંચી ગયા હતા. આજ પુસ્તકનાં પાના નંબર 69 પર લખ્યું છે કે કાદુ, મકરાણી પ્રાચી નજીક આવેલ અમરાપર ગામના પસાયતા હતા. તેમણે સિંહનાં બે બચ્ચાંને જીવતા પકડી નવાબને ભેટ આપતા નવાબે અમરાપરમાં કાદુ મકરાણીને 40 એકર જમીન આપી હતી. મેઘાણીએ લખ્યું છે કે ઈણાજની લડાઈમાં ફોજ સામે ટકી ન શકતા કાદુ મકરાણી તેમના કેટલાક સાથીદારો સાથે ઈણાજમાંથી છટકી ગયા અને 1881-82 જૂનાગઢ સ્ટેટ સામે બહારવટે ચડ્યા. મેઘાણીએ ઉમેર્યું છે કે છેવટે કાદુ મકરાણી સોરઠ છોડી મકરાણ જવા નીકળી પડ્યા અને કરાંચી પહોચી ગયા. કરાંચીથી મકરાણ જવા તેણે એક ઊંટ ભાડે કર્યું. પરંતુ ઊંટવાળાએ પોલીસને બાતમી આપી દેતાં તેઓ પોલીસના હાથે પકડાઈ ગયા. કાદુ મકરાણીને 1887માં કરાચીમાં ફાંસી આપી દેવામાં આવી હતી.

**'ધૂરંધર'ફિલ્મમાં બલોચ પછાત છે, તેઓ નકલી ચલણી નોટ બનાવે છે, આતંકવાદીઓને હથિયારો પૂરાં પાડે છે. તેવું ચિત્રણ થયું છે. બલોચ સમાજ કહે છે, બલોચ-મકરાણી સમાજનો ઇતિહાસ જોવામાં આવે તો આજ સુધી બલોચ સમાજે કોઈનો ભરોસો તોડ્યો હોય કે વિવાદમાં આવ્યો હોય તેવું ક્યારેય બન્યું નથી**

બલોચ સમાજ ગુજરાતમાં આવ્યા પછી પછી જેમને જ્યાં રોજી મળી ત્યાં વસી ગયા અને જે સ્થાનિક સંસ્કૃતિ હતી તેની સાથે હળીભળી ગયા. બલોચ સમાજ ગુજરાતી, હિન્દી અને મરાઠી પણ બોલી જાણે છે. ભણેલા બલોચીઓ સરકારના જુદા જુદા ખાતાઓમાં કામ કરે છે અને ખેતી અને પશુપાલન સાથે પણ જોડાયેલા છે. સૌથી મોટી વાત એ પણ છે કે બલોચ સમુહમાં વકીલોની સંખ્યા પણ ખાસ્સી એવી છે. જામનગર અને ગીર સોમનાથના રાજકારણમાં પણ બલોચ સમુદાય સક્રિય રહ્યો છે. ગુજરાતના ખ્યાતનામ કવિ શૂન્ય પાલનપુરી અને ખલીલ ધનતેજવી પણ બલોચ સમુદાયની ભેટ છે.●